# દુહા અને છંદ

હે... મારે હૈડે બેઠો મોરલો, નિત લેતો પ્રભુનું નામ
હે એતો વંદન કરે  વિતરાગનું,  ને એને જાવું તીરથ ધામ

હે... ઝરમર વરસે મેહુલો ને, વાદળ ચમકે વીજ
મારા મનડાં કેરો મોરલો, ગાવે પ્રભુનાં ગીત

હે... સોરઠ દેશમાં સંચર્યો ને ના ચઢ્યો ગઢ ગીરનાર
હે... ઓલી શેત્રુંજી નદીએ નાહ્યો નહિ, એનો એળે ગયો અવતાર

હે... ભલે પધાર્યા અમારે આંગણે, નરનારી સૌ નમન કરે
હે... ધન્ય ધન્ય સોરઠનાં રાજા દર્શન કરતાં દુખડા ટળે

હે... એકેકું ડગલું ભરે, શત્રુંજય સમો જેહ
હે... રીખાવ કહે ભવ ક્રોડનાં, કર્મ ખપાવે તેહ

હે... શત્રુંજય સમો તીરથ નહિ, ને રીખવ સમો નહિ દેવ
હે... ગૌતમ સરખા ગુરુ નહિ, વળી વળી વંદુ તેહ

હે... સિદ્ધાચલ સમરું સદા, સોરઠ દેશ મોઝાર
હે... મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર

હે... કાળ અનાદીથી જીવને ભવ ભ્રમણ નહિ પર
હે... તે ભ્રમણ નિવારવા પ્રદક્ષિણા ત્રણ વાર

હે... ભમતીમાં ભમતા થકા ભવભાવઠ દુર જાય
હે... દર્શન જ્ઞાન ચારિત્ર રૂપ, પ્રદક્ષિણા ત્રણ થાય

હે... જન્મ મરણના ભય ટળે સીજે જો દર્શન કાજ
રત્નત્રય પ્રાપ્તિ ભણી દર્શન કરો જીનરાજ

હે... જ્ઞાન વડું સંસારમાં જ્ઞાન પરમ સુખ હેત
જ્ઞાન વિના જગ જીવડા ન લહે તત્વ સંકેત

હે... ચય તે સંચય કર્મનો રિક્ત કરે વળી જેહ
ચારિત્ર નીર્યુક્તિએ કહ્યું, વંદો તે ગુણગેહ

હે... દર્શન જ્ઞાન ચારિત્ર એ, રત્નત્રયી નિર્ધાર
ત્રણ પ્રદક્ષિણા એ કારણે, ભવ દુઃખ ભંજનહાર